ક્રમાંકઃ- મકમ/૧૦૨૦૦૮/૧૩૬૨/ક (પા.ફા.)
મહિલા અને બાળ વિકાસ વિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા.૧૬/૧૧/૨૦૧૯

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા. ૫/૩/૨૦૧૯ નો સરખા ક્રમાંકનો પત્ર

(૨) નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી પ્રોજેક્ટ ઇમ્પ્લીમેન્ટેશન યુનિટ નો તા.૩/૧૨/૨૦૧૮ નો પત્ર ક્રમાંકઃ-પી.આઇ.યુ./ડીઇઇ/ઝોન-૩/૨૦૨/૨૦૧૮

(૩) સમાન્ય વહીવટ વિભાગની તા.૧૧/૨/૨૦૧૯ ની યાદી ક્રમાંકઃ વસત-૧૦૨૦૧૯-યુ.ઓ.આર.-૪(૫૮૬૭૩૩)-ટ

(૪) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા. ૦૫/૦૮/૨૦૧૯ નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૫) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૨૧/૧૦/૨૦૧૯ નો સરખા ક્રમાંકનો કાર્યાલય આદેશ

<u>સુધારેલ કાર્યાલય આદેશઃ-</u>

વંચાણમાં લીધેલ ક્રમાંક(૩) થી સામાન્ય વહીવટ વિભાગની તા.૧૧/૨/૨૦૧૯ની યાદીથી વિભાગને બ્લોક નંબર ૯ ના ૮ મા માળે જગ્યા ફાળવવામાં આવેલ છે. વંચાણમાં લીધેલ ક્રમાંક(૨) થી નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી પ્રોજેકટ ઇમ્પ્લીમેન્ટેશન યુનિટ દ્વારા વિભાગના રીનોવેશનનો અંદાજ મોકલવામાં આવેલ હતો. તથા સને ૨૦૧૯-૨૦ ના અંદાજપત્રમાં રૂ.૪૦૦.૭૬ લાખની નવી બાબત મંજુર થયેલ છે. ઉપર વંચાણમાં લીધેલ ક્રમાંક (૪)પરના ઠરાવથી રૂ.૪૦૦.૭૬ લાખ (અંકે રૂપિયા ચાર કરોડ છોત્તેર હજાર) ખર્ચ કરવાની વહીવટી મંજુરીના હુકમો કરવામાં આવેલ છે.

૨. વિભાગના તા. ૦૫/૦૩/૨૦૧૯ના પત્રથી પ્રોજેક્ટ ઇમ્પ્લીમેન્ટેશન યુનિટને કામગીરી શરૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ હતો. નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી પ્રોજેકટ ઇમ્પ્લીમેન્ટેશન યુનિટની કચેરીએ જણાવેલ છે કે, વિભાગની જરૂરિયાત પ્રમાણે કામનો અંદાજીત ખર્ચ રૂ. ૪,૦૦,૭૬,૩૫૬-૭૬ થવા જાય છે. જે PIUGENRAL FUND ખાતા નંબર ૧૧/૧૧૪ માં જમા થયેથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૩. વંચાણે લીધેલ ક્રમાંક(૩) પરની સામાન્ય વહીવટ વિભાગની યાદીથી મહિલા અને બાળ વિકાસ વિભાગ તથા નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના જળ સંપત્તિ પ્રભાગની દરખાસ્ત અન્વયે સરદાર સરોવર નર્મદા નિગમ લિ. હસ્તકની નર્મદા યોજના મુખ્ય નહેર વિભાગ-૨ (NMC Division-2) અને જળસંપત્તિ, પ્રભાગની શાખાઓ/અધિકારીશ્રીઓ જે હાલમાં બ્લોક નંબર ૯ ના ૮ માં અનુક્રમે ૧૯૭૦ ચો.ફુટ + ચો.ફુટ એમ મળી કુલ -૩૪૨૦ ચો.ફુટમાં બેસે છે. તેઓની બેઠક વ્યવસ્થા બ્લોક નંબર ૯ ના ૬ઠ્ઠા માળે મહિલા અને બાળ વિકાસ વિભાગની ૨૯૫૦ ચો.ફુટ જગ્યામાં અને મહિલા અને બાળ વિકાસ વિભાગની કેટલીક શાખાઓ અને અધિકારીઓ બ્લોક નંબર ૯ ના ૬ઠ્ઠા માળે ૨૯૫૦ ચો.ફુટ જગ્યામાં બેસે છે. તેઓની બેઠક વ્યવસ્થા બ્લોક નંબર ૯ ના ૮માં માળે જળ સંપત્તિ પ્રભાગની ૩૪૨૦

ચો.ફુટ જગ્યામાં પુનઃગોઠવણીથી શીફટ કરવા માટેની(અરસપરસ બદલી) મંજુરી અન્યત્ર વધુ જગ્યા નહીં ફાળવવાની શરતે આપવામાં આવેલ છે.

૪. મહિલા અને બાળ વિકાસ વિભાગને સામાન્ય વહીવટ વિભાગની તા.૧૧/૦૨/૨૦૧૯ ની યાદીથી બ્લોક નંબર ૯ ના ૮ માં માળે જગ્યાની ફાળવણી કરવામાં આવેલ, આ ફાળવાયેલ જગ્યા પર રીનોવેશનની કામગીરી કરાવવા સારૂ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટેના ફેરફાર કરેલ અંદાજપત્રમાં રૂા.૪૦૦.૭૬ (અંકે રૂપિયા ચાર કરોડ છોત્તેર હજાર પુરા)ની જોગવાઇ કરવામાં આવેલ છે. આ જોગવાઇ અન્વયે ઉપર વંચાણમાં લીધેલ ક્રમાંક (૪)પરના ઠરાવથી, શરતોને આધિન રૂા.૪૦૦.૭૬ (અંકે રૂપિયા ચાર કરોડ છોત્તેર હજાર પુરા) ખર્ચ કરવાની વહીવટી મંજૂરીના હુકમો કરવામાં આવેલ છે.

૫. મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે બ્લોક નંબર ૯ ના આઠમા માળે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ નવીન જગ્યામાં રીનોવેશનની કામગીરી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકની પ્રોજેકટ ઇમ્પ્લીમેન્ટેશન યુનિટ(હેલ્થ), ગાંધીનગર દ્વારા કામગીરી હાથ ધરવાની રહેશે. નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી પ્રોજેકટ ઇમ્પ્લીમેન્ટેશન યુનિટ(હેલ્થ), ગાંધીનગરના તા.03/૧૨/૨૦૧૮ના પત્રના અનુસંધાને રૂા.૪૦૦.૭૬ (અંકે રૂપિયા ચાર કરોડ છોત્તેર હજાર પુરા)ની પંજાબ નેશનલ બેંકના એકાઉન્ટ નંબર ૧૧/૧૧૪ પી.આઇ.યુ જનરલ ફંડમાં જમા કરાવવા માંગણાપત્ર અત્રે મોકલેલ છે. જે અન્વયે નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી પ્રોજેકટ ઇમ્પ્લીમેન્ટેશન યુનિટને ચૂકવણુ કરવા મંજુરી આપવામાં આવે છે.આ અંગેનુ બીલ પે એન્ડ એકાઉન્ટસની કચેરીમાં રજૂ કરવાનું રહેશે. તથા નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી પ્રોજેકટ ઇમ્પ્લીમેન્ટેશન યુનિટ(હેલ્થ), ગાંધીનગરની કચેરીએ વંચાણે લીધેલ ક્રમાંકઃ(૪) પરના આ વિભાગના તા.૦૫-૦૮-૨૦૧૯ના સરખા ક્રમાંકના ઠરાવમાં દર્શાવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૬. આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદર સને ૨૦૧૯-૨૦ ના વર્ષમાં ફાળવેલ ગ્રાંટમાંથી ઉધારવાનો રહેશે.

માંગણી ક્રમાંકઃ- ૧૦૫
મુખ્ય સદરઃ- ૨૨૫૧, સચિવાલય સામાજીક સેવાઓ,
ગૌણ સદરઃ- (૦૯૦)સચિવાલય
પેટા સદરઃ- (૦૧) મહિલા અને બાળ વિકાસ વિભાગ

૭. વંચાણે લીધેલ ક્રમ(૫) પરનો આ વિભાગનો સરખા ક્રમાંકનો તા. ૨૧/૧૦/૨૦૧૯નો કાર્યાલય આદેશ રદ કરવામાં આવે છે.

ARchristian
(અંકિતા ક્રિશ્ચિયન)
ઉપસચિવ,
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,
- માન.મંત્રીશ્રી (મબાક)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

- માન.રા.ક.મંત્રીશ્રી (મબાક)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અગ્રરહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ)ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(મ.બા.વિ.વિ.)ના અંગત મદદનીશશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી, બજેટ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પ્રોજેકટ ઈમ્પ્લીમેન્ટેશન યુનિટ, સબ સ્ટેશન બિલ્ડીંગ, મેડિકલ કોલેજની સામે, સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડ, સેકટર-૧૨, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, રોકડ શાખા(બે નકલ), મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  (અસલ બિલ સહિત PIUની કચેરીને બિલના નાણાં ચૂકવવાની વિનંતી સહ)
- સેકશન અધિકારીશ્રી, ઈ(બજેટ)-શાખા, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ના.સે.અ. સિલેકટ ફાઈલ.
- સીલેક્ટ ફાઈલ.